### મહેસૂલ વિભાગ દ્વારા મોડી રાત્રે સત્તાવાર યાદી જાહેર

# રાજ્યમાં વર્ગ-૧ના ૩૫ અધિકારીની બદલી અને બઢતીના આદેશ થયાં

**૨૬ GAS** અધિકારીની બદલી, ૯ મામલતદારને ડેપ્યુટી કલેક્ટર તરીકે પ્રમોશન અપાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.28 રાજ્યના વહીવટી તંત્રને વધુ ગતિશીલ અને સુદ્રઢ બનાવવાના હેતુથી ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સચિવાલય ખાતેથી સંયુક્ત સચિવ સચિન પટવર્ધન દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર અધિસૂચના અનુસાર, જાહેર હિતમાં ગુજરાત વહીવટી સેવા (જુનિયર સ્કેલ) વર્ગ-1 ના કુલ 35 અધિકારીઓની બદલી અને બઢતી (પ્રમોશન) ના તાત્કાલિક અસરથી આદેશ કરવામાં આવ્યા છે. આ આદેશ અંતર્ગત રાજ્યના 26 ડેપ્યુટી કલેક્ટર કક્ષાના અધિકારીઓની આંતરિક બદલી કરવામાં આવી છે.

જ્યારે બીજી તરફ, લાંબા સમયથી પ્રમોશનની રાહ જોઈ રહેલા વર્ગ-2 સંવર્ગના 9 મામલતદારોને 'ડીમ્ડ ડેટ'ના લાભ સાથે વર્ગ-1 (જુનિયર સ્કેલ) ડેપ્યુટી કલેક્ટર તરીકે હંગામી ધોરણે બઢતી આપી નવી જગ્યાઓ પર નિયુક્ત કરવામાં આવ્યા છે. મહેસૂલ વિભાગના આદેશ અનુસાર, પે-મેટ્રિક્સ લેવલ-8 માં ફરજ બજાવતા 9 મામલતદારોને લેવલ-10 ના ડેપ્યુટી કલેક્ટરના હોદ્દા પર બઢતી આપવામાં આવી છે. સરકારના નિયમોનુસાર આ અધિકારીઓને નોશનલ પગારભથ્થા ગણવાના રહેશે અને ખરેખર હાજર થયા તારીખ સુધી કોઈ નાણાકીય એરિયર્સ ચૂકવવામાં આવશે નહીં. મહેસૂલ વિભાગે વહીવટી સરળતા ખાતર રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં ફરજ બજાવતા 26 અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલી કરી છે. જેમાં અનેક જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, જિલ્લા પુરવઠા અધિકારી અને જમીન સંપાદન અધિકારીઓનો સમાવેશ થાય છે.

સરકારના આ સામૂહિક બદલી-બઢતીના ઓર્ડરથી ખાસ કરીને સ્ટેમ્પ ડ્યુટી વિભાગ, જમીન સંપાદન અને નર્મદા પ્રોજેક્ટની કામગીરીમાં ખાલી પડેલી જગ્યાઓ ભરાશે, જેનાથી સરકારી પ્રોજેક્ટ્સને વધુ વેગ મળશે. તમામ અધિકારીઓને તાત્કાલિક અસરથી પોતાની નવી નિયુક્તિ વાળી જગ્યાઓ પર ચાર્જ સંભાળી લેવા માટે આદેશમાં તાકીદ કરવામાં આવી છે. બદલીઓની નકલ રાજ્યપાલના આદેશથી તમામ સંબંધિત કલેક્ટર કચેરીઓ, જિલ્લા તિજોરી અધિકારીઓ અને હિસાબી કચેરીઓને જરૂરી કાર્યવાહી અર્થે રવાના કરી દેવામાં આવી છે.

### બઢતી પામેલા અધિકારીઓની નવી નિયુક્તિની વિગત

| નામ | ક્યાંથી ક્યાં ગયાં |
|---|---|
| પી. એફ. પટેલ | ચિટનીસ, વડોદરાથી બદલી કરીને ડેપ્યુટી કલેક્ટર (પ્રોટોકોલ), વડોદરા. |
| એસ. આર. બારીયા | મામલતદાર, કથલાલથી પ્રમોશન આપીને SLAO, નડિયાદ (ખેડા). |
| એ. એન. શર્મા | મામલતદાર, ભુજથી હવે ડેપ્યુટી કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી), મહેસાણા. |
| નરેન્દ્ર એસ. પરિતોષ | મામલતદાર, ચોર્યાસીથી હવે SLAO-ONGC, અંકલેશ્વર (ભરૂચ). |
| કુમારી કે. પી. મોઢવાડિયા | ચૂંટણી મામલતદાર, મહીસાગરથી ડેપ્યુટી કલેક્ટર (પ્રિ-સ્કુટીની ઓફિસર), રાજકોટ. |
| પી. આર. સંગાડા | મામલતદાર, ડભોઈથી ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, આણંદ નગરપાલિકા. |
| પી. એસ. ભૂરિયા | મામલતદાર, મહુધાથી ડેપ્યુટી કલેક્ટર (પ્રિ-સ્કુટીની ઓફિસર), વડોદરા. |
| કુમારી ટી. સી. પટેલ | મામલતદાર, નિઝરથી હવે ડેપ્યુટી કલેક્ટર-(2), વ્યારા (તાપી). |
| વાય. પી. ગઢવી | મામલતદાર, જામખંભાળિયાથી પ્રમોશન સાથે ડેપ્યુટી કલેક્ટર-(2), દ્વારકા. |

### મહેસુલ વિભાગના બદલી પામેલ અધિકારીઓ

| નામ | ક્યાંથી ક્યાં ગયાં |
|---|---|
| મહેન્દ્ર એમ. દેસાઈ | અમરેલીના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીથી બદલી ડેપ્યુટી કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી), અમરેલી |
| હેતલ વસૈયા | દાહોદના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીથી બદલી સેકન્ડ SLAO, અમદાવાદ |
| સી. એ. રાવલ | પ્રતીક્ષામાંથી નિમણૂક થઇ આસિસ્ટન્ટ કમિશનર, કમિશનર (ગ્રામ વિકાસ) કચેરી, ગાંધીનગર |
| એલ. આર. ચૌધરી | મામલતદાર (સુરત જિલ્લો)થી બદલી જિલ્લા પુરવઠા અધિકારી, ડાંગ |
| મનીષ પી. પટેલ | મામલતદાર (સુરત જિલ્લો)થી બદલી ડેપ્યુટી કલેક્ટર (2), રાજપીપળા (નર્મદા) |
| કે. એમ. રાણા | મામલતદાર, પારડી (વલસાડ)થી બદલી ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, વાપી મ્યુ.કોર્પો. |

### સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો

# સેન્ટ્રલ જેલની બેરેકમાં ૩૦ વર્ષનો કેદી અચાનક બેહોશ

(પ્રતિનિધિ), વડોદરા. તા.28 વડોદરાની મધ્યસ્થ જેલમાં સજા કાપી રહેલો એક પાકા કામનો યુવાન કેદી પોતાની બેરેકમાં અચાનક રહસ્યમય સંજોગોમાં બેહોશ થઈ જતાં જેલ પ્રશાસનમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ઘટનાને પગલે જેલના સુરક્ષાકર્મીઓ અને તબીબી સ્ટાફ તાત્કાલિક એક્શનમાં આવ્યો હતો અને કેદીને વધુ સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. મળતી સત્તાવાર વિગતો અનુસાર, વડોદરા સેન્ટ્રલ જેલમાં સજા કાપી રહેલા 30 વર્ષીય કેદી સુફિયાનઅલી વાસીદઅલી સૈયદ 27મી તારીખની સાંજે પોતાની નિયત બેરેકમાં હાજર હતા. સાંજના આશરે 06:20 કલાકે તેઓ અચાનક જ જમીન પર ઢળી પડ્યા હતા અને બેભાન થઈ ગયા હતા. આસપાસના અન્ય કેદીઓએ આ અંગે તાત્કાલિક જેલના ફરજ પરના વૉર્ડનને જાણ કરી હતી. કેદી અચાનક બેહોશ થઈ જતાં જેલ સત્તાધીશો દ્વારા પ્રાથમિક તપાસ બાદ મામલાની ગંભીરતાને જોઈ તેને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે વડોદરાની સરકારી સયાજી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો હતો. હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દર્દીને દાખલ કરી નિષ્ણાત તબીબો દ્વારા તેની તાત્કાલિક સારવાર શરૂ કરી દેવામાં આવી હતી.

કેદી કયા કારણોસર બેહોશ થયો તે અંગે હજી સુધી કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. પરંતુ હોસ્પિટલના ફરજ પરના તબીબોના જણાવ્યા અનુસાર, સમયસર સારવાર મળી જતાં કેદીની હાલતમાં અત્યારે નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે અને તેની સ્થિતિ હાલ સ્થિર છે. જેલ પ્રશાસન દ્વારા આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### બ્રિજની ખામીયુક્ત ડિઝાઇન સામે સ્થાનિકોનો ઉગ્ર આક્રોશ

# લાલબાગ બ્રિજ 'અકસ્માત ઝોન' બન્યો, કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર પર ચઢી

'રોજિંદા અકસ્માતોથી વાહનચાલકો ભયના ઓથાર હેઠળ'

(પ્રતિનિધિ), વડોદરા. તા.28 વડોદરાના લાલબાગ બ્રિજ પર ગત રાત્રે વધુ એક ગંભીર અકસ્માત સર્જાતા રહી ગયો હતો. ઝડપી ગતિએ આવી રહેલી ફોરવીલર કારના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર સીધી મધ્યમાં આવેલા ડિવાઈડર પર ચડી ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કાર ડિવાઈડર પર ફસાઈ ગઈ અને બ્રિજ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ અકસ્માતને કારણે બ્રિજ પર વાહન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. બંને બાજુ લાંબી વાહન કતારો લાગી ગઈ હતી અને મુસાફરો અટવાઈ પડ્યા હતા. સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક સ્થળે પહોંચી કાર ચાલકને સુરક્ષિત બહાર કાઢવામાં સહાય કરી હતી અને ટ્રાફિક હળવો કરવાનો પ્રયાસ કર્યો હતો. લાલબાગ બ્રિજ પર આવી ઘટનાઓ નવી નથી. અગાઉ પણ અહીં નાની-મોટી અકસ્માતોની ઘટનાઓ બનતી રહી છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ બ્રિજના વળાંક પાસે ડિવાઈડર અચાનક સામે આવતો હોવાથી ખાસ કરીને રાત્રે અથવા ઝડપમાં આવતા વાહનોને તેનું યોગ્ય અનુમાન થતું નથી. ડિવાઈડરની ડિઝાઈન અને ઊંચાઈ અંગે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. સ્થાનિક નાગરિકો અને સામાજિક કાર્યકરોએ તંત્રને બ્રિજની સુરક્ષા વ્યવસ્થાની તાત્કાલિક સમીક્ષા કરવાની માંગ કરી છે. રિફ્લેક્ટર્સ, સાઈન બોર્ડ અને બ્લિંકર લાઈટ્સ લગાવવામાં આવે તેવી માગ છે.

## ગાંજા સાથે ઝડપાયેલા બે આરોપીનાર દિવસના રિમાન્ડ

(પ્રતિનિધિ), વડોદરા. તા.28 પાણીગેટ વિસ્તારમાં ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલા બે આરોપીઓને કોર્ટ દ્વારા બે દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. ઝોન-3 એલસીબી અને પાણીગેટ પોલીસ સ્ટેશનની સંયુક્ત ટીમે બાતમીના આધારે હાથીયાખાના રોડ પર આવેલી સર્વોદય એપાર્ટમેન્ટમાં દરોડો પાડી ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી શંકરભાઈ છગનભાઈ પાટણવાડીયા અને હાર્દિક ચંદ્રકાંતસિંહ વસાવાની ધરપકડ કરી હતી. બંને પાસેથી 1 કિલો 256 ગ્રામ ગાંજો, મોબાઈલ ફોન સહિત રૂ.63 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. જ્યારે આ સમગ્ર કાંડમાં સંડોવાયેલા જીગ્નેશ માછી નામનો આરોપી હાલ ફરાર હોવાનું સામે આવ્યું છે. આરોપીઓના 30 મે સુધી એટલે કે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

### હિન્દુ વિસ્તારમાં મુસ્લિમ પરિવારને મકાન વેચવાના મુદ્દે સ્થાનિકોનો ઉગ્ર વિરોધ

# નવાપુરા વિસ્તારમાં મકાનના સોદા મુદ્દે બે પક્ષ વચ્ચે બબાલ, પથ્થરમારામાં યુવકને ગંભીર ઈજા

**પરિસ્થિતિ તંગ** બનતા પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.28 વડોદરાના સંવેદનશીલ ગણાતા નવાપુરા વિસ્તારમાં ગઈકાલે રાત્રે એક મકાનના વેચાણના સોદાને લઈને સ્થાનિકો અને મકાનમાલિક વચ્ચે ભારે વિવાદ સર્જાયો હતો. હિન્દુ વસ્તી ધરાવતા ગોદડીયા વાસમાં એક મકાન મુસ્લિમ પરિવારને વેચવામાં આવી રહ્યું હોવાની વાત વાયુવેગે પ્રસરતા જ સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. જોતજોતામાં આ મુદ્દે બંને પક્ષો સામસામે આવી ગયા હતા અને ઉગ્ર બોલાચાલી બાદ મામલો બિચક્યો હતો. વાત વધુ વણસતા બંને જૂથો વચ્ચે મારામારી થઈ હતી, જેમાં એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલી વ્યાપી ગઈ હતી. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં વર્ષોથી એક ચોક્કસ સામાજિક સમતુલા જળવાયેલી છે. સ્થાનિકોએ આક્રોશ સાથે આરોપ મૂક્યો હતો કે, વિસ્તારના લોકોની કે સામાજિક આગેવાનોની કોઈ પણ પ્રકારની સહમતી વગર અને અંધારામાં રાખીને આ મિલકતનો સોદો કરવામાં આવી રહ્યો હતો. જેને કારણે ભવિષ્યમાં વિસ્તારની શાંતિ જોખમાય તેવી ભીતિ છે. બીજી તરફ, કેટલાક તટસ્થ લોકોનું એવું પણ માનવું છે કે કાયદાકીય પ્રક્રિયા અને નિયમોનું પાલન કરીને દેશનો કોઈ પણ નાગરિક ગમે ત્યાં મિલકત ખરીદવા કે વેચવા માટે સ્વતંત્ર છે. ગુજરાતમાં, ખાસ કરીને વડોદરા અને અમદાવાદ જેવા મોટા શહેરોમાં મિલકતોના આંતર-કોમી ખરીદ-વેચાણને લઈને અગાઉ પણ અનેક વિવાદો સામે આવી ચૂક્યા છે. આવા સંવેદનશીલ વિસ્તારોમાં 'ડિસ્ટર્બ્ડ એરિયાઝ એક્ટ' (અશાંત ધારો) લાગુ હોય છે, જે અંતર્ગત કલેક્ટર કે સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી વિના મિલકતની તબદીલી થઈ શકતી નથી. ગઈકાલની ઘટનાને પગલે આ કાયદાના અમલીકરણ અને તેના ઉલ્લંઘનને લઈને ફરી એકવાર સ્થાનિક સ્તરે અનેક પ્રશ્નો અને ચર્ચાઓએ જોર પકડ્યું છે. ઘટનાની ગંભીરતાને જોતા જ નવાપુરા પોલીસ સ્ટેશનનો ઉચ્ચ અધિકારીઓ સહિતનો મોટો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સમયસૂચકતા વાપરીને હુમલાખોરોને વિખેર્યા હતા અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો, જેથી મોટો અનર્થ થતો અટકી ગયો હતો. મારામારી દરમિયાન ઘવાયેલા સ્થાનિક યુવકને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને હિંસા ભડકાવવા બદલ હાલ એક યુવકની ધરપકડ કરી લેવામાં આવી છે. તેમજ અન્ય સંડોવાયેલા શખ્સોની અટકાયત કરવા માટે કાયદાકીય પ્રક્રિયા હાથ ધરી છે.

### ઘણા વિદ્યાર્થીઓની પ્રક્રિયા હજુ પૂર્ણ થઈ નથી

# NEET UG, ફી રિફંડના અપડેટની મુદ્દત ૨૨ જૂન કરાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28 નીટ યુજીની પરીક્ષા આપનાર લાખો વિદ્યાર્થીઓ માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ મહત્વનો નિર્ણય લીધો છે. પરીક્ષા ફી રિફંડ મેળવવા માટે બેંક ખાતાની માહિતી જમા કરાવવાની છેલ્લી તારીખ હવે લંબાવીને 22 જૂન 2026 કરવામાં આવી છે. અગાઉ આ સમયમર્યાદા 27 મે હતી, પરંતુ હજુ પણ અનેક વિદ્યાર્થીઓ પ્રક્રિયા પૂર્ણ કરવામાં બાકી હોવાથી એજન્સીએ આ વધુ એક તક આપી છે.

એનટીએના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં આશરે 13 લાખ ઉમેદવારોએ પોતાની બેંક વિગતો પોર્ટલ પર સબમિટ કરી દીધી છે. જોકે, હજુ પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ટેકનિકલ ખામી અથવા માહિતીના અભાવે આ પ્રક્રિયા પૂર્ણ કરી શક્યા ન હતા. કોઈ પણ વિદ્યાર્થીનું રિફંડ બાકી ન રહી જાય તે સુનિશ્ચિત કરવા માટે એનટીએ પોર્ટલ ફરી ખુલ્લું રાખવાનો નિર્ણય લીધો છે. એજન્સીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, એકવાર બેંક વિગતો સબમિટ થઈ ગયા પછી તેમાં કોઈ પણ પ્રકારનો સુધારો કે ફેરફાર કરી શકાશે નહીં. તેથી, ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ પોતાનો એકાઉન્ટ નંબર અને આઈએફએસસી કોડ બે વાર તપાસીને જ સબમિટ કરે તેમજ વિદ્યાર્થીઓ પોતાની સચોટ માહિતી માટે કેન્સલ ચેકનો ઉપયોગ પણ કરી શકે છે. જોકે આ તમામ માટે ઉમેદવારોએ અધિકૃત નીટ યુજી રજિસ્ટ્રેશન પોર્ટલ પર લોગિન કરવાનું રહેશે. ત્યાં ફી રિફંડ લિંક પર ક્લિક કરીને પોતાની બેંક માહિતી અપડેટ કરી શકાશે. આ સુવિધા 22 જૂન 2026ના રોજ રાત્રે 11:50 વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે.

### એમકે-V ERC, લાઇનર અને રબર પેડ સાથે સંપૂર્ણ ફિટિંગ નવીનીકરણનું કામ કરાયુ

# પશ્ચિમ રેલવેના ગોધરા ખાતે યાર્ડ સુધારણાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્ય પૂર્ણ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28 રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય થી વડોદરા ડિવિઝનના એન્જિનિયરિંગ વિભાગ દ્વારા ગોધરા યાર્ડ ખાતે સર્વગ્રાહી યાર્ડ સુધારણા અને ડ્રેનેજ કાર્ય કરવામાં આવ્યા હતા. આ કાર્યોથી પરિચાલનમાં સલામતી, ટ્રેક સ્થિરતા અને રેલવે પરિચાલનની એકંદર વિશ્વસનીયતામાં વૃદ્ધિની સાથે સાથે ગોધરા યાર્ડ ખાતે ડ્રેનેજ સિસ્ટમમાં નોંધપાત્ર સુધારો કરશે. પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ ગોધરા યાર્ડમાં ડાઉન મેઈન લાઈન પર બ્લોક લઈને આ કાર્ય હેઠળ પોઈન્ટ નંબર 121, 115, 109 અને 106 પર સર્વગ્રાહી જાળવણી અને નવીનીકરણના કામો કરવામાં આવ્યા, જેમાં કુલ 350 પી એન્ડ સી સ્લીપર્સનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. આ સાથે, એમકે-V ERC, લાઈનર અને રબર પેડ સાથે સંપૂર્ણ ફિટિંગ નવીનીકરણનું કામ કરવામાં આવ્યું હતું તથા દરેક પોઈન્ટ્સ પર સ્લીપર સ્પેસિંગ અને સ્લીપર સ્ક્વેરિંગનું કામ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. ઈન્ફ્રાના આ મહત્વપૂર્ણ કાર્યમાં જુના સામાન્ય

સ્લીપરો ને બદલે 391 વાઇડ-બેઝ સ્લીપર્સ નું નવીનીકરણ કરવામાં આવ્યું, 78 સ્લીપર્સને ડીપ સ્ક્રીનીંગ કાર્યની સાથે નવીનીકરણ કરવામાં આવ્યું, જેમાં 350 એમએમ બેલાસ્ટ કુશન સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. વાઇડ-બેઝ સ્લીપર વિભાગોમાં TSR કાર્ય સાથે સંપૂર્ણ ફિટિંગ નવીનીકરણ પણ કરવામાં આવ્યું હતું. ગોધરા યાર્ડ વિસ્તારમાં આ સુધારા કાર્યો ટ્રેક સલામતી, ટ્રેન સંચાલનની વિશ્વસનીયતા, રાઈડિંગની ગુણવત્તા અને ડ્રેનેજ વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો કરશે.

### રિક્ષાચાલકની સતર્કતાથી વૃદ્ધનો જીવ બચ્યો

# વડોદરામાં રિક્ષા મુસાફરી દરમિયાન વૃદ્ધને ખેંચ આવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.28 વડોદરા શહેરના રાજમહેલ રોડ પર આજે સવારના સમયે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં રિક્ષામાં મુસાફરી કરી રહેલા એક વૃદ્ધને અચાનક ખેંચ આવતા તેઓ ચાલુ રિક્ષામાં જ બેહોશ થઈ ગયા હતા. જોકે, રિક્ષાચાલકે સમયસૂચકતા અને માનવતા દાખવી વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ પહોંચાડ્યા હતા, જ્યાં તેમની સારવાર શરૂ કરવામાં આવી છે.

વડોદરાના નવાપુરા વિસ્તારમાં આવેલા કેવડાબાગ કહાર મહોલ્લામાં રહેતા 73 વર્ષીય વૃદ્ધ અધવ શિવરાજીરાવ પ્રભાકર આજે સવારે આશરે 8:00 વાગ્યાની આસપાસ કોઈ કામ અર્થે રિક્ષામાં બેસીને જઈ રહ્યા હતા. તેમની રિક્ષા જ્યારે રાજમહેલ રોડ પર આવેલા પોલો ક્લબ પાસેથી પસાર થઈ રહી હતી, તે જ સમયે અચાનક અધવભાઈની તબિયત લથડી હતી. તેમને અચાનક ખેંચ આવવા લાગી હતી અને જોતજોતામાં તેઓ રિક્ષાની અંદર જ બેભાન થઈ ઢળી પડ્યા હતા. ચાલુ મુસાફરીએ પાછળ બેઠેલા મુસાફરની તબિયત બગડતા રિક્ષાચાલક મુકેશભાઈ તુરંત જ સતર્ક થઈ ગયા હતા. તેમણે સમય ગુમાવ્યા વિના રિક્ષાને બાજુ પર ઊભી રાખી સ્થિતિની ગંભીરતાને સમજી લીધી હતી. મુકેશભાઈએ કોઈ અન્ય બાબતની ચિંતા કર્યા વગર માનવતાના ધોરણે અધવભાઈને પોતાની જ રિક્ષામાં બેસાડીને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવ્યા હતા. રિક્ષાચાલકની આ ત્વરિત કામગીરીને કારણે વૃદ્ધને સમયસર તબીબી સહાય મળી શકી હતી.રાજમહેલ રોડ પર બનેલી આ ઘટનામાં રિક્ષાચાલક મુકેશભાઈની સરાહનીય કામગીરીની સ્થાનિક લોકો અને હોસ્પિટલ સ્ટાફ દ્વારા ભારે પ્રશંસા કરવામાં આવી રહી છે.

## ગોરવામાં મહિલાના મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.28 શહેરના ગોરવા વિસ્તારમાં પોલીસે દરોડો પાડી મહિલાના મકાનમાંથી રૂ.20 હજારથી વધુ કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. આ મામલે પોલીસે મહિલાની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને એક મહિલાએ મોબાઈલમાં બનાવેલો વીડિયો બતાવી માહિતી આપી હતી કે ગોરવા ગામના સોલંકી ફળિયામાં રહેતી લક્ષ્મીબેન અંબાલાલ સોલંકી પોતાના મકાનમાં દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે. માહિતીના આધારે ગોરવા પોલીસ સ્ટાફ સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે મકાનની તપાસ કરતાં એક રૂમમાં આવેલા પેટી પલંગમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને ક્વાર્ટર મળી આવ્યા હતા. પોલીસે કુલ 132 નંગ બોટલ-ક્વાર્ટર કબજે કર્યા હતા, જેની કુલ કિંમત રૂ.20,442 હોવાનું સામે આવ્યું છે.

### મધ્યપ્રદેશથી ક્રાઈમ બ્રાન્ચે દબોચ્યો : એક વર્ષથી પોલીસને હંફાવતો હતો

# પોલીસને ચકમો આપતો એમડી ડ્રગ્સનો સપ્લાયર સલમાન પઠાણ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.28 વડોદરા શહેરમાં એમડી ડ્રગ્સના કાળા કારોબાર સામે ચાલી રહેલી કાર્યવાહી વચ્ચે શહેર એસઓજીએ મોટી સફળતા મેળવી છે. મકરપુરા અને માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે અલગ અલગ એનડીપીએસ ગુનામાં છેલ્લા એક વર્ષથી ફરાર રહેલા કુખ્યાત સપ્લાયર સલમાન પઠાણને મધ્યપ્રદેશના ઈન્દોર-મંદસૌર વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. વડોદરા શહેરમાં નશીલા પદાર્થોના નેટવર્કને તોડવા માટે વડોદરા શહેર એસઓજીએ ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે ઓપરેશન હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન મોહંમદ જુબેર ઉર્ફે સલમાન ઉર્ફે જાવેદ અબ્દુલરહીમ ખાન ઉર્ફે સલમાન પઠાણનું નામ બંને ગુનામાં સપ્લાયર



તરીકે સામે આવ્યું હતું. લાંબા સમયથી ફરાર આરોપી મધ્યપ્રદેશના મંદસૌર વિસ્તારમાં છુપાઈ રહ્યો હોવાની બાતમીના આધારે એસઓજીની ટીમે દબિશ કરી તેને ઝડપી પાડ્યો હતો. માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં 77.870 ગ્રામ મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ સાથે રૂ.7.84 લાખનો મુદ્દામાલ ઝડપાયો હતો. જ્યારે મકરપુરા પોલીસ સ્ટેશનના ગુનામાં 51.97 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે રૂ.5.39 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. બંને કેસમાં અગાઉ કેટલાક આરોપીઓ ઝડપાઈ ચૂક્યા હતા, પરંતુ મુખ્ય સપ્લાયર તરીકે સલમાન પઠાણની શોધખોળ ચાલી રહી હતી. પોલીસે આરોપીની કાયદેસરની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે. તપાસમાં નશીલા પદાર્થોના મોટા નેટવર્ક અંગે વધુ ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વધુમાં પોલીસે આરોપીના મોબાઈલ ફોન, બેન્ક ટ્રાન્ઝેક્શન અને સંપર્કોની વિગતવાર તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં કેટલાક સ્થાનિક તેમજ આંતરરાજ્ય સપ્લાયરો સાથે તેની કડી જોડાયેલી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

### કારેલીબાગ વિસ્તારમાં મિત્રે જ કર્યો હુમલો

# વડોદરામાં ઉછીના રૂપિયાની ઉઘરાણી મુદ્દે યુવક પર હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.28 વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં ઉછીના આપેલા રૂપિયા પરત માંગવા જતાં યુવક પર તેના જ મિત્રે છરીથી હુમલો કર્યો હતો. હુમલામાં યુવકના હાથની નસ કપાઈ જતા તેને પહેલા એસએસજી હોસ્પિટલ અને બાદમાં વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત વિગતો મુજબ કારેલીબાગના કાસમ આલા કબ્રસ્તાન નજીક શ્રીનાથ પેટ્રોલ પંપ પાસે રહેતા સાજીદ જાવેદઅલી પઠાણ (ઉ.વ.20) મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત 27 મેના રોજ બપોરે તેઓ કાસમ આલા વિસ્તારમાં આવેલી કબીર હોટલ ખાતે જમવા ગયા હતા. જમ્યા બાદ હોટલ બહાર બેઠા હતા ત્યારે મહોલ્લામાં રહેતો સોહેબ બુંદુખાન પઠાણ ત્યાં આવ્યો હતો. વાતચીત દરમિયાન સાજીદે અગાઉ ઉછીના આપેલા રૂ.2 હજાર પરત માંગતા સોહેબ ઉશ્કેરાઈ ગયો હતો. સોહેબે ગાળો બોલી ઝપાઝપી શરૂ કરી હતી અને સાજીદના જમણા હાથના અંગૂઠા પર બટકું ભર્યું હતું. ત્યારબાદ તે પોતાના ઘરેથી છરી લઈને આવ્યો હતો અને સાજીદ પર હુમલો કર્યો હતો.

હુમલામાં સાજીદના જમણા હાથના કાંડા પાસે બે ઘા વાગતા ભારે લોહી વહેવા લાગ્યું હતું. ઈજાગ્રસ્ત હાલતમાં તેને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ડોક્ટરે હાથની નસ કપાઈ હોવાનું જણાવ્યું હતું. ઘટના અંગે સાજીદ પઠાણે સોહેબ બુંદુખાન પઠાણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ શરૂ કરી છે.

### સોશિયલ મીડિયા પરથી સંપર્કમાં આવેલા યુવક શક કરતો હોય યુવતીએ સંબંધ તોડી નાખ્યા

# પૂર્વ પ્રેમી દ્વારા યુવતીને વારંવાર ફોન કરીને ફોટા વાયરલ કરવાની ધમકી

**પૂર્વ પ્રેમીએ** હેરાનગતિ ચાલુ રાખતા કંટાળી યુવતીએ મદદ માગતા અભયમે કરાવ્યુ સમાધાન

(પ્રતિનિધિ) વડોદરા તા.28 વડોદરા શહેરના એક વિસ્તારમાં રહેતી યુવતીને પૂર્વ બોયફ્રેન્ડ દ્વારા માનસિક રીતે હેરાન કરવા સાથે ફોટા વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલ કરવામાં આવતાં તેણીએ અભયમનો સંપર્ક કર્યો હતો. અભયમ ટીમે સ્થળ પર પહોંચી બંને પક્ષનું કાઉન્સેલિંગ કરી યુવતીને કાયદાકીય માર્ગદર્શન આપ્યું હતું. આખરે યુવતી આગળ કાર્યવાહી કરવા ઈચ્છતી ન હોવાથી સમાધાન કરાયું હત